જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.**16/5/2017** મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.1034/17**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ 34 કેસ કરી 32 વ્યક્તિઓને ઝડપી, 166 લીટર દેશી દારૂ, 319 બોટલ ઇગ્લીશ દારૂ, 08 બીયરટીન, 02 એક્ટીવા, 01 ઓટોરીક્ષા અને 01 કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ 03 કેસ કરી 04 વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા 29,250/- અને જુગારનાં સાધનો કબ્જે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.1035/17**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ 170 વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ 08 વ્યક્તિઓની અને પાસા હેઠળ 01 વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.1036/17**

**વટવા :** રાજેશભાઇ વિનોદભાઇ શ્રીવાસ્તવ (ઉ.વ.૩૧)(રહે,રાજપથ બંગલોઝ નીગમ રોડ ઘોડાસર વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૫/૧૭ સવારનાં ૬/૦૦ થી ૧૦/૧૫ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં મુખ્ય દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૨,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.જે.સરવૈયા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.1037/17**

**સોલા હાઇકોર્ટ :** મીરાબેન પ્રકાશાભાઇ જોશી (ઉ.વ.૩૬)(રહે,શિવકેદાર રો એપાર્ટમેન્ટ, ચાંદ્લોડીયા તળાવ પાસે, ચાંદ્લોડીયા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૫/૧૭ ના કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક બાઇક પર આવેલ ત્રણ અજાણ્યા ઇસમો મીરાબેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા 25,000/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.



An evaluation version of novaPDF was used to create this PDF file.
Purchase a license to generate PDF files without this notice.

**ચોરી :-** **સમાચાર યાદી નં.1038/17**

**વસ્ત્રાપુર :** વિવેક ભારતભાઇ હીરપરા (ઉ.વ.૨૩)(રહે, ગામ: તલાલા નરસિંહ ટેકરી ગલીયાવડ રોડ શીવ શક્તિ ગરબીની બાજુમાં તાલુકો:તલાલા જિલ્લો ગીરસોમનાથ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૫/૨૦૧૭ સવારના કલાક ૧૦/૦૦ થી ૧૦/૦૫ વાગ્યા દરમ્યાન ગુરૂકુળ ખાતે ભરાયેલ કેરી બજારમાં રેસ્ટોરંટ નંબર-૩૮ માં કાઉન્ટરની પાસે ખુરશી નીચે મુકેલ બેગ કે જેમા રોકડા રૂપીયા ૧,૯૦,૦૦૦/- તથા પેનાસોનીક કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૮,૬૦૦/- તથા હિસાબવાળી બે બુક હતી. જે બેગની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સરફરાઝખાન ગુલાબખાન ચલાવે છે.

**રામોલ :** રૂકૈયાબેગમ ઈબ્રાહિમખાન ઠાકોર (ઉ.વ.૭૫)(રહે,અમન સોસાયટી, નવજીવન બસ સ્ટોપની પાસે આજવા રોડ વડોદરા) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૫/૧૭ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે સીટીએમ વડોદરા એક્સપ્રેસ હાઈવે એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે રોડ ઉપરથી બસમા ચડતી વખતે રૂકૈયાબેગમની નજર ચુકવી અજાણી વ્યક્તિ રૂકૈયાબેગમનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૨,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.બાલીયા ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.1039/17**

**સાબરમતી :** ચંદનસિંહ ઉર્ફે ટીનીયો ધડુસિંહ વાઘેલા (ઉ.વ.૩૫)(રહે,સુરસીંગજીની ચાલી સુભાષબ્રીજ રાણીપ) એ પોતાની જીંદગીથી કંટાળી જઇ, તા.૧૫/૫/૧૭ બપોરનાં ૪/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેશભાઇ બાબુભાઇ ચલાવે છે.

**નરોડા :** નિકીતાબેન ડો/ઓ જગદીશભાઇ રાવલ (ઉ.વ.૨૭)(રહે.ગુરુ સ્મૃતિ સોસાયટી, દેવી સિનેમાની સામે નરોડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૫/૫/૧૭ ના કલાક ૯/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ અમૃતભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



An evaluation version of novaPDF was used to create this PDF file.
Purchase a license to generate PDF files without this notice.